# શિક્ષક VS શિક્ષક

શિયાળિયા સિંહનું મુલ્યાંકન કરવા આવ્યા
તેના પદવિક્રમ શોર્યને, પિંજરામાં પૂરવા આવ્યા
સ્વયં, મૃગરાજ ને રાજ શીખવાડવા આવ્યા,
શિયાળિયા સિંહનું મુલ્યાંકન કરવા આવ્યા
કુદવું,ગર્જવું,ગજ મદકપોલને ભેદવું,
સિંહની સહજતાને, સળગાવવા આવ્યા,
શિયાળિયા સિંહનું મુલ્યાંકન કરવા આવ્યા
શિકારતો છે ગળથૂથીમાં જેને
જંગલના રાજાને દંગલ શીખવાડવા આવ્યા
શિયાળિયા સિંહનું મુલ્યાંકન કરવા આવ્યા
વિનતી છે, 'પ્રીતિ'ની બંધકર એ,
(સામાન્ય શિક્ષક)લુચ્ચા શિયાળ, તારી લુચ્ચાઈને,
તારી ઇચ્છા છતા,નહી પાડી શકે તું (પ્રતિભાવાન શિક્ષક)વનરાજને.

પ્રીતિ દવે.